તા- ૧૭/૦૫/૨૦૨૦


माता पिता को अपना ज्ञान का स्तर
बढ़ाना होगा अगर चाहतें हैं की
उनके बच्चें उनकी सुने।
- पुरी शंकराचार्य
@govardhanpeeth
@govardhanmath
@govardhanmath

# સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | | | | | | | 8 | |
| 3 | | | | 6 | 4 | 9 | | 2 |
| 6 | 1 | | | 2 | 8 | 5 | 7 | |
| | | 3 | 2 | | | | 6 | |
| | 6 | 7 | 8 | | | 2 | | |
| | | 2 | 7 | | | 1 | 3 | 9 |
| | 8 | 6 | | | | | 5 | |
| | 3 | | | | | 7 | | 4 |
| | | | 3 | 1 | 9 | 6 | | |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 3 | | | 5 | | | | 8 |
| 9 | | | | | 6 | 7 | | 5 |
| | | | 9 | | 7 | | 1 | 6 |
| | | | | 6 | | 8 | | 4 |
| 5 | 2 | 3 | | | | 1 | | |
| | | | 1 | 7 | 5 | 9 | | |
| | 5 | 1 | | | | 6 | 2 | |
| | | 2 | | 3 | 9 | | 7 | |
| | | 6 | 5 | | 2 | | | |

# ઉખાણું

મોટીમોટી આંખો મારી
નાક જાણે નાનું બૂચ
કૂતરો જોઇને દાબી દઉં પૂંછ
મારી મોટી પાતળી પૂંછ.

## "દેવભાષા"

**સંસ્કૃત એ દેવભાષા કહેવાય છે...**
**આવો, સંસ્કૃતના કેટલાક પ્રસિદ્ધ સુવાક્યો મોટેથી વાંચીએ... OK...**

- ઉત્તિષ્ઠત જાગ્રત પ્રાપ્ય વરાન્ નિબોધત - ઊઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો.
- શીલં પરં ભૂષણમ્ - ચારિત્ર્ય સર્વ શ્રેષ્ઠ આભૂષણ છે.
- ભદ્રં કર્ણેભિઃ શૃણુયામ - કાનથી સારા વિચારો જ સાંભળો.
- લોભાત્ પાપં પ્રવર્તતે - લોભથી પાપ પ્રવર્તે છે.
- શત્રોઃ અપિ સુગુણો ગ્રાહ્યઃ - શત્રુ પાસેથી પણ સદ્‌ગુણોની પ્રેરણા લેવી જોઇએ.
- હિંસયા દૂયતે ચિત્તં યસ્ય, સ હિન્દુઃ - હિંસાથી જેનું ચિત્ત દુભાય (હિંસા જેને ગમતી નથી) તે હિંદુ છે.
- આહારશુદ્ધૌ સત્ત્વશુદ્ધિઃ - શુદ્ધ આહાર-વિહારથી જ અંતઃકરણ શુદ્ધ બને છે.
- યોગઃ કર્મસુ કૌશલમ્ - કર્મ કરતી વખતે ભગવાનનું અનુસંધાન રાખવું, એ કુશળતા છે.
- શુભસ્ય શીઘ્રમ્ - શુભ કાર્ય કરવામાં કોઇ વિલંબ ન કરો.
- નાસ્તિ વિદ્યા સમં ચક્ષુઃ - વિદ્યા સમાન કોઇ આંખ નથી. (એટલે કે વિદ્યા હોય તો જ જ્ઞાન થાય છે.)
- આ નો ભદ્રાઃ ક્રતવો યન્તુ વિશ્વતઃ - તમામ દિશાઓમાંથી અમને શુભ વિચારો પ્રાપ્ત થાઓ.

# જોડકણા

કાઠિયા રે ઘઉં, કાઠિયા રે ઘઉં
આ રે ઘરે દિઓ તો પેલે ઘર જઉં.
આ રે ઘરે ઓટલો, પટલાણી વાળે ચોટલો.
સામે ઘેર ગોખલો, માણુ દાણા મોકલો.
માણુ દાણા કહેવાના, ચપટી દાણા લેવાના.

# ક્રિયાકલાપ

| | |
|---|---|
| સાધન સામગ્રી | ઘઉં,પાણી,કોથળી,નકામી બોટલના ઢાકણાં |
| વર્ણન | ઘઉંનો લોટમાં પાણી મિક્ષ કરી કોથળીમાં ભરી કોથળીના છેડે કાણું પડવું.<br>નકામી બોટલના ઢાકણાં પર ચિત્ર દોરી શકાય. |



# ચિત્ર



# વાર્તા

## કીર્તિની ઈચ્છા

– ધૂમકેતુ

એક માણસ પાસે ઘણું દ્રવ્ય હતું. એનો સ્વભાવ દાનશીલ, એટલે એણે ધન વાપરવા માંડયું. પણ એના મનમાં થોડી લાલસા રહેતી. આ દાનધર્મનો કાંઈક બદલો, કીર્તિરૂપે કે મહત્તારૂપે, કોઈકરૂપે મળે તો સારું.

એના એક ગુરુ હતા. એમના ઉપદેશથી આ ભાઈ સત્કાર્ય કરવા પ્રેરાયા હતા.

ગુરુએ એના મનની નબળાઈ જાણી લીધી. એક દિવસ ગુરુએ એક પથ્થર એને ભેટ મોકલ્યો અને એ પથ્થર ઉપર લખ્યું, ‘સત્કાર્યનો બદલો.’ પેલો માણસ તો ગુસ્સે થઈ ગયો. તેણે તો જે ઘા કર્યો તે પથ્થર ગયો નીચે. ‘સત્કાર્ય નો આ બદલા હોતો હશે?’. તે ગુસ્સામાં ને ગુસ્સામાં મોટેથી બોલી ઊઠયો.



એટલામાં ગુરુજી ફરતા ફરતા ત્યાં આવી ચડયા. તેમણે એને ધીમેથી કહ્યું : ‘જો, ભાઈ ! કોઈ પણ પ્રકારના બદલાની ઈચ્છા, માણસમાં રહી ગયેલી પશુતાનો અંશ સૂચવે છે. પશુઓને પાળનારા શું કરે છે એ તપાસો. જંગલી હિંસક પશુઓને હેળવનારા, પહેલાં તો એમને ખૂબ ગુસ્સે કરે છે, કે જેથી

પાછળથી બતાવેલી પ્રીતિ બમણી લેખે લાગે. એટલે પહેલાં આ પથ્થર તમને મળ્યો. હવે એમાં શું સાર હતો તે કહું છું : એ પથ્થરમાં એક રત્ન હતું !'

'હેં ?'

'હા, અને તે પણ એક અદ્ભુત રત્ન હતું !'

એ સાંભળતાં તો પેલો માણસ એ રત્ન શોધવા માટે હવે આકાશપાતાળ એક કરવા લાગ્યો. એણે ખૂબ મથામણ કરી. પણ પછી પથ્થરનો પત્તો જ લાગ્યો નહિ !

ગુરુએ કહ્યું : 'રત્ન તો હવે મળવાનું હશે ત્યારે મળશે. પણ જેમ એ ખોવાયું, અને હવે જડતું નથી, તેમ તમારી પાસે મૂળ તો થોડીક સદ્વૃત્તિની મૂડી છે, એ જ રત્ન છે. જો કીર્તિની ઈચ્છામાં એ ગોટવાઈ જશે, તો કદાચ કીર્તિ મળશે, પણ જે રત્ન છે તે ખોવાઈ જાશે ! અને સાચવવાનું તો રત્ન છે ! તેં જોયું કે રત્ન ખોવાયા પછી મેળવવું મુશ્કેલ છે !'

પેલા માણસની આંખ ઊઘડી ગઈ. કીર્તિ મળે કે ન મળે એનું કાંઈ નહિ—સદ્વૃત્તિનો માર્ગ એનો પોતાનો બની જાય એ જરૂરનું હતું. એને ત્યારે એ સમજાયું કે હજી તો આ પાશેરામાં પહેલી પૂણી હતી.

■

# વિજ્ઞાન પ્રયોગ

૨

## થર્મોકોલ બૉટલમાં કેમ જતું નથી ?





**સાધન-સામગ્રી** : ૧ લિટરની પેટ બૉટલ, થર્મોકોલનો ટુકડો, દોરો



(૧)

**કૃતિ** :

૧. દોરાના એક છેડે થર્મોકોલ બાંધો.

૨. દોરાના બીજા છેડે બૉટલને બાંધો.



(૨)

૩. બૉટલને આડી રાખી થર્મોકોલના ટુકડાને બૉટલના મોંમાં ગોઠવો.

૪. ફૂંક મારી થર્મોકોલના ટુકડાને બૉટલમાં ધકેલવાનો પ્રયત્ન કરો.

**નિરીક્ષણ** : ગમે તેટલી ફૂંક મારવા છતાં થર્મોકોલનો ટુકડો બૉટલમાં જતો નથી.

**શા માટે ?** :

૧. તમે ફૂંકેલી હવા પરાવર્તિત થઈને થર્મોકોલના ટુકડાને બૉટલની બહાર ધકેલે છે. કેમ કે બૉટલના મુખ આગળ હવાનું નીચું દબાણ સર્જાય છે, જ્યારે બૉટલની અંદર હવાનું ભારે દબાણ સર્જાય છે.

૨. લોખંડની બનેલી કે ભારે વસ્તુઓમાં આ પ્રયોગ શક્ય બનતો નથી.

૩. કાગળ, સ્પંજ, રૂ જેવા હલકા પદાર્થોમાં આ પ્રયોગ શક્ય બને છે.

**સિદ્ધાંત** :

૧. આ પ્રયોગ હવાના પરાવર્તન ઉપર આધારિત છે.

૨. હવા હંમેશાં ભારે દબાણથી ઓછા દબાણની દિશામાં જ ગતિ કરે છે.

| ગૃહકાર્ય |
| --- |
| ઘરમાં ઝાડું અને પોતું કરીશું...<br>આખું ઘર ચમકાવી દેજો... OK... |
| હવે ઘરના બધા સભ્યો ગંભીર થઇ મીટીંગ કરીશું...<br>પ્ર. ૧ - આપણાં ઘરમાં કઇ જગ્યાએ અસ્વચ્છતા છે?<br>પ્ર. ૨ - ઘરમાં ક્યાં સ્વચ્છતા વધારવાની જરૂર લાગે છે? કઇ રીતે વધારીશું?<br>પ્ર. ૩ - સ્વચ્છતા વધુ જળવાય તેના માટે કયા નિયમો નક્કી કરવા જોઈએ?<br>પ્ર. ૪ - ઘરમાં સ્વચ્છતા જળવાય તે માટે દરેક વ્યક્તિની જવાબદારી નક્કી કરો. |
| https://vimeo.com/showcase/7109528 |
| https://www.youtube.com/watch?v=ROXeubMEseU&feature=youtu.be |

| રમત |
| --- |
| https://vimeo.com/showcase/7109501 |
| https://vimeo.com/showcase/7109490 |
| https://www.youtube.com/watch?v=o151bu1bplg&feature=youtu.be |
| હવે ઘરના દરેક સભ્યો વચ્ચે હરીફાઈ થશે...<br>હવામાં શીંગ ઉડાડીશું અને મોઢામાં કેચ કરીશું...<br>જોઈએ કોણ સરળતાથી વધુ કેચ કરી શકે છે... |

| મેરા ભારત મહાન. |
| --- |




| -: રામાયણ :- |
| --- |
| રામાયણમાં શ્રવણનો ઉલ્લેખ ક્યાં સર્ગમાં છે? |

# दुर्लभं भारते जन्म

## એકામ્બરનાથ મંદિર, કાંચીપુરમ, તામિલનાડુ



એકામ્બરનાથ મંદિર તમિલનાડુ રાજ્યના કાંચીપુરમ શહેરમાં સ્થિત છે. કાંચીપુરમ શહેરને મંદિરોનું શહેર પણ કહેવામાં આવે છે, કારણ કે અહીંયા એકહજાર થી પણ વધુ મંદિરો આવેલા છે. જેમાં મુખ્યત્વે વરદરાજા પેરુમલ નું વિષ્ણુ  મંદિર, ભગવાન શિવના પાંચ સ્વરૂપોમાંથી એકને સમર્પિત એવું એકામ્બરનાથ મંદિર, કામક્ષી અમ્મા મંદિર, કુમારકોટમ, કચ્છેશ્વર મંદિર, કૈલાશનાથ મંદિર, વગેરે.

એવું માનવામાં આવે છે કે મંદિરમાં એક કેરીનું ઝાડ છે, જે લગભગ 3500 - 4000 વર્ષ જૂનું છે. આ ઝાડની દરેક ડાળી પર વિવિધ રંગની કેરીઓ જોવા મળે છે અને તેનો સ્વાદ પણ જુદો છે. બાળમિત્રો આ ઝાડની નીચેજ, પાર્વતીએ ભગવાન મહાદેવ શિવને પ્રાપ્ત કરવા માટે તપસ્યા કરી હતી. શિવજીની પૂજા માટે માતા પાર્વતી એ આ કેરીના ઝાડ નીચે માટી અને રેતીમાંથી શિવલિંગ બનાવી આરાધના કરી હતી. જ્યારે શિવજીએ આ જોયું ત્યારે મહાદેવએ માતા પાર્વતીની કસોટી લેવાના હેતુથી પોતાની જટા માંથી ગંગાના પાણીને વહેવડાવી મૂક્યું. જ્યારે પાણીની ઝડપી ગતિએ પૂજાને વિક્ષેપિત કરવાનું શરૂ કર્યું, ત્યારે દેવી પાર્વતીએ જે શિવલિંગની ઉપાસના કરી રહ્યા હતા તેને ગળે લગાડી લીધી જેથી શિવલિંગને કોઈ નુકસાન ન થાય. ભગવાન શિવજી આ બધું જોઈને ખૂબ જ આનંદ થયા અને માતા પાર્વતીપર પ્રસન્ન થઇ વરદાન માંગવાનું કહ્યું, ત્યારે માતા પાર્વતીએ લગ્નની ઇચ્છા વ્યક્ત કરી અને મહાદેવએ માતા પાર્વતી સાથે લગ્ન કર્યા.

આજે પણ તે કેરીનું ઝાડ મંદિરમાં જોઇ શકાય છે. પાલ્લવ અને ચૌલ વંશના રાજાઓએ આ મંદિર જેતે સમય દરમિયાન જીર્ણોધ્ધાર કરી શિવજી અને માતા પાર્વતીજી ને સમર્પિત કર્યું.

# शरीरमाद्यं खलु धर्मसाधनम् ।।



**સ્પોટજમ્પિંગ**
(૫૦ આવર્તન 3 સેટ કરી શકાય છે)



**આર્મરોટેશન**
(૧૦ થી ૧૫ આવર્તનના 3સેટ કરી શકાય છે)



**જમ્પિંગજેક્સ**
(૧૦ થી ૧૫ આવર્તનના 3સેટ કરી શકાય છે)



**ક્રોસબોડીટો ટચ**
(૧૦ થી ૧૫ આવર્તનના 3સેટ કરી શકાય છે)

## -: અપેક્ષા રહિત કામ કરવું :-

| |
|---|
| શાર્દૂલ શિશુ વિહાર સુરત :- 7818088520<br>શાર્દૂલ શિશુ વિહાર જુનાગઢ :- 9722127743<br>શાર્દૂલ શિશુ વિહાર કર્ણાવતી :- 9904469844<br>શાર્દૂલ શિશુ વિહાર પુણે :- 7249696110<br>શાર્દૂલ શિશુ વિહાર વડોદરા :- 79845 49896 |
| પાછલા ઝરણાંની આવૃત્તિ માટે જાવ<br>http://www.shardul.org/ |
| https://www.facebook.com/Shardul.Official/ |